# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita

**અંક:** ૧૧

**તારીખ:** ૧ ફેબ્રુઆરી, ૨૦૧૨

**રજૂકર્તા:** ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

**સંચાલક:** સતીશ પરીખ, પ્રદીપ બ્રહ્મભટ્ટ

**વેબ સંચાલન:** વિશાલ મોણપરા

**સંપાદક:** વિજય શાહ, વિશ્વદીપ બારડ

**વેબસાઈટ:** http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા

પાલનહાર - મહમંદ પરમાર ........ 3
પ્રેમની પકડ - પ્રદીપ બ્રહ્મભટ્ટ ........ 4
કારણો વગર!-ચીમન પટેલ ........ 5
છત્રીની છાંવમાં - સરયૂ પરીખ ........ 6
પતંગ - શૈલા મુન્શા ........ 7
કમાલ છે… - દેવિકા રાહુલ ધ્રુવ ........ 8
તણાવ - હેમાબેન પટેલ ........ 9
નાટ્યવિષયક સંસ્મરણો નવિન બેંકર ........ 11
….કદી કરવું પડે છે – મનોજ મહેતા ........ 16
યાદ આવે માના મીઠા બોલ..વિશ્વદીપ બરાડ ........ 18
વસંત આવી – ડૉ. ઇન્દિરાબેન શાહ ........ 19
લોટરી લાગી-પ્રવિણા કડકિયા ........ 20
ટુચકો- સુરેશ બક્ષી એ કહેલો ........ 21
સબંધો કેવા હોવા જોઇએ? –ધીરુભાઇ શાહ ........ 22
કાન્તુબાને -દીપા અને રસેશ દલાલ ........ 23
એમનો વંશ – વિજય શાહ ........ 24
અમેરિકા આવો છો? – અંબુભાઇ દેસાઇ ........ 26
જિંદગી પ્રો સુમન અજમેરી ........ 28
વિશ્વગુર્જરી- રસિક મેઘાણી ........ 29
“ભષ્ટાચાર” - ગીરીશ દેસાઇ ........ 31
હું આદિમાનવ અને મારી પરંપરા – છૂટાછેડા. કિરીટકુમાર ગો ભક્ત ........ 32
મુજ સમો દિવાનો નહી મળે -રમઝાન વિરાણી ........ 34

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## પાલનહાર - મહમંદ પરમાર

મેં નામ જપું નીસ દીન તેરા, તુ પાલનહારા હે
મેં ધ્યાંન ધરું તેરા રબ તુ, મનરંજનહારા હે

કહીએ ક્યા તેરે કરિશ્મોંકો, હર ઝર્રા હર શૈ કરિશ્મા હે
યે રાઝ ભરા આલમ તેરા, તુ સરજનહારા હે

તીન્કેસી હે નાઝૂક યે નૈયા, ભવસાગર દેખકે ડર જાઊં
ભવસાગર પાર કરાનેકો, તુ ખેવનહારા હે

ઉલ્ઝા હું જબ મેં કાંટો મેં, રોયા હું અંધેરી રાતોમેં
બક્ષ તેરી રહેમત ઓર દયા, તુ તારનહારા હે

મેં કરકે ગુનાહ પછતાયા હું, ઠોકર પર ઠોકર ખાયા હું
અબ આકે ખડા હું દ્વાર તેરા, તુ બક્ષનહારા હે

અદભૂત નિરાલી શાન તેરી દેખી હે ઈસ દિવાનેને
બચપનસે 'સૂફી' કો માલૂમ હે, તુ ઉસ્કા સહારા હે

'સૂફી' પરમાર

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# પ્રેમની પકડ - પ્રદીપ બ્રહ્મભટ્ટ



પ્રેમ અમારો લાવ્યો ખેંચી,આપછો સરસ્વતી સંતાન
નટવરભાઇને મળતા મળ્યો,અમને કલાનો સંગાથ
. ...........................................પ્રેમ અમારો લાવ્યો ખેંચી.

હ્યુસ્ટન આવ્યા કલાને કાજે,દેવા સ્વતંત્રતાનો પૈગામ
પકડી ઉજ્વળ કેડી જીવનમાં,જે ગૌરવને પાત્ર ગણાય
સાહિત્યસરીતા વહે હ્યુસ્ટનમાં,પ્રેરાયગુજરાતી બોલનાર
આવ્યા આજે કલાનાપ્રેમી,જે ગૌરવ ગુજરાતનું કહેવાય
. ...........................................પ્રેમ અમારો લાવ્યો ખેંચી.

માતૃભુમીની માયા સૌને,છોને વિદેશમાં એ વસતા હોય
મળે જ્યારે એદેહ એક બીજાને,ના ભેદભાવ કોઇજ હોય
નટવરભાઇની સિધ્ધી અનેક,તોય સ્ટેજના પાત્રે દેખાય
ના ઓળખાય એ નામથી,એ જ તેમની સિધ્ધી કહેવાય
. ...........................................પ્રેમ અમારો લાવ્યો ખેંચી.

અમેરીકાની આ ધરતી પર,ગૌરવ બની રહ્યા ગુજરાત
અભિમાનની ઉચી કેડી મળી,તોય ના સંસ્કારને છોડાય
ગુજરાતીનુ ગૌરવતમે,તેમ સાહિત્ય પ્રેમીઓથી બોલાય
મળ્યો અમને પ્રેમ તમારો,તેમ લઈ જજો અહીંથીઅપાર
. ...........................................પ્રેમ અમારો લાવ્યો ખેંચી.

શ્રી નટવરભાઇ ગાંધી હ્યુસ્ટનમાં "પ્રથમ" સંસ્થાના લાભાર્થે નાટક લઇને આવ્યા છે.તે કલા અને સાહિત્ય પ્રેમીનો અહીંના ગુજરાતી સાહિત્ય સરીતાનાસભ્યોને લાભ મળ્યો.તેની યાદ રૂપે આ લખાણ પ્રેમથી અર્પણ કરું છું
લી.પ્રદીપ બ્રહ્મભટ્ટ હ્યુસ્ટન. તા ૨૨/૧/૨૦૧૨ રવિવાર

# કારણો વગર!-ચીમન પટેલ

(છંદવિધાન: લગાગા, લગાગા, લગાગા, લગાગા, લગા)
કરે છે કથામાં વાતો લોકો કારણો વગર!
સમય વેડફે પોતાનો ખોટો કારણો વગર!

નથી કર્યો ખુદના રૂપનો વિચાર કદી,
ફરે લઇ કત્રીનાનો ફોટો કારણો વગર

જરી કે નથી જ્ઞાન તાલ કે સુરનું જેને,
તક ઝડપી એતો ગાતો કારણો વગર!

કર્યું છે ધન ભેગું વેચી ધંધાઓ ઘણા
રડતો વાત વાતમાં એ કારણો વગર!

નથી દેખાતા મન દેશીઓના મોટા કદી,
મળે સામો ને જુએ આડો કારણો વગર!

શકુની મામાઓ મળે છે બધે જ જોવા,
ઘર બીજાના જે તોડતો કારણો વગર!

અદેખાઈ ને ઈર્ષા વધી ગઈ છે બધે,
રહી પીઠ પાછળ જે બોલે કારણો વગર!

હવા ગઈ બદલાઈ ચારે દિશામાં 'ચમન'
પગ જે બીજાના ખેચતો કારણો વગર!

ચીમન પટેલ 'ચમન'

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# છત્રીની છાંવમાં - સરયૂ પરીખ



ઝરઝરતી જીણીજીણી બુંદો વરસાદની,
કરતી કોશિશ રે ભીંજાવવા.

સુરજના તેજ સમા પીળા આ પાંદડા,
વેર્યા પગથીને ઉજાળવા.
જે મહીં મહીં હૈયામાં ભીની,
રહી કોરી એ છત્રીની છાંવમાં.

ઊડતી ઊડતી ઓરે આવે ને જાય,
જાણે ફરફરતી લટ પવન પાંખમાં.
કોમળ ને કમળ સમા હાથોના પાત્રમાં,
મુઠ્ઠીમાં બુંદો છુપાવતી.
છબછબીયા પાણીમાં ઘુમતી એ ઘેલી,
ને ખીલી ખીલી છત્રીની છાંવમાં.

સૂર્યતેજ સંતાયે આભ છત્રછાંયામાં,
એમ છુપી છત્રીની છાંવમાં.
સોનપરી છત્રીની છાંવમાં.

# પતંગ - શૈલા મુન્શા

લાલ પીળી ને વાદળી
ઈંન્દ્રધનુ ના રંગે સોહાતી
જાય લહેરાતી વાદળો સંગ
પતંગ મારી ઊંચે ને ઊંચે.

કદી મરડાતી ડાબે ને જમણે
કદી હોય ઉપર ને કદી નીચે
રંગો ની આભા ભરી ગગને
પતંગ મારી ઊંચે ને ઊંચે.

ઉન્નત મસ્તકે હોડ હવા સંગ
તોય ડોર મજબુત ધરા પર
ઝુમતી પટરાણી અંબર પર
પતંગ મારી ઊંચે ને ઊંચે.

જીવન મારૂં વહે પતંગ સમ
સુખ દુઃખ રહે નીચે કે ઉપર
આત્મબળ ને સ્વમાન સદૈવ
ઉજાળે જીવન-જ્યોત ઊંચે.
શૈલા મુન્શા.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# કમાલ છે... - દેવિકા રાહુલ ધ્રુવ

ન જવાબ છે, ન સવાલ છે,
ન પૂછો કશું, શી કમાલ છે.

રજકણ કહો, કે સૂરજ કહો,
જગની સદા, એ મશાલ છે.

છો જગત બધું ભમતું રહે,
એ રહે છતાં, ખુશહાલ છે !

કદી દે સુખો, કદી દે દુઃખો,
જીરવો નહિ, તો કરાલ છે !

એ વિરાટ છે ને વિશાલ પણ,
જે ગમે તે સૌનો ગુલાલ છે.

કદી ધૂપ દે, કદી છાંવ દે,
ભગવાન છે, તે ત્રિકાલ છે!

હ્રદય બંધ રાખી નયન અને,
ભજતા રહો, એ વહાલ છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# તણાવ - હેમાબેન પટેલ

શાસ્ત્રોમાં બતાવેલ એક ભારતીય નારીના બધાજ ગુણો રીનામાં ભરેલા છે.અને તેના આ ગુણોને લીધેજ આજે એન્ઝાયટીથી પીડાઈ રહી છે. અને તેને લીધે હાઈ બ્લડપ્રેશર, કોલોસ્ટ્રોલ, એસીડ રીફ્લેક્ષ બધાજ રોગો તેના શરીરમાં ક્યારે પ્રવેશીને ઘર કરી ગયા તેની તેને ખબર ના પડી. આજે એકદમ સુખી દેખાતી રીના બિમારીથી પીડાઈ રહી છે.આ બિમારીએ તેને બિસ્તર નથી પકડાવ્યો પરંતુ માનસિક રીતે અસ્વસ્થ છે. બધાજ કામે ગયા અને ઘરે એકલી બેઠી હતી અને વિચારોમાં ખોવાઈ અને અતિતની દુનિયામાં ચાલી ગઈ.

પ્રભુતામાં પગલાં માડ્યાં અને આજે પરણીને સાસરે આવી અને પહેલે દિવસે સવારે છ વાગે ઉઠીને નીચે આવી. નીચે આવી સાસુમાને પગે લાગી અને જય શ્રી કૃષ્ણ કહ્યા, વળતાં જય શ્રી કૃષ્ણ સાંભળવાનુ ના મળ્યુ.સામેથી સાસુમા ગુસ્સામાં બોલ્યાં "આ ઉઠવાનો સમય છે? મારા ઘરમાં આ બધુ નહી ચાલે, દરરોજ સવારે વહેલા ચાર વાગે ઉઠીને નીચે આવવાનુ ".

રીના તો ચોકી ગઈ તેણે આ જાતની ભાષા અને આ જાતનુ વર્તન ક્યારેય નથી જોયુ. માતો તેને હમેશાં પ્રેમથી ઉઠાડતી, રીના માના શબ્દો યાદ કરવા લાગી "બેટા રીના ઉઠો સવાર થઈ ગયુ,પાછુ તારે કોલેજજવાનુ મોડુ થશે" રીના વિચારવા લાગી ક્યાં મારી માના પ્રેમ ભર્યા શબ્દો અને ક્યાં આ સાસુમાના આક્રોશ ભર્યા શબ્દો. રીનાનો પતિ દિલ્લીમાં રહે, લગ્ન પછીથી એક વર્ષ સુધી સાસુમાએ પતિ-પત્નિને અલગ રાખ્યા. એક વર્ષ પછી રીનાને દિલ્લી જવાની પરવાનગી મળી, રીના મનમાં વિચારે આતો સાસુમા છે કે કોઈ જલ્લાદ ? પતિ-પત્નિને પણ સાથે નથી રહેવા દેતા. છતાં પણ રીના મન મનાવી લેતી, સાસુમા છે ને ભલે બોલતાં.

પતિ સાથે દિલ્લી આવી બે વર્ષ બરાબર ચાલ્યુ પછીથી પતિનો ત્રાસ ચાલુ થઈ ગયો. રીના મુંગા મોઢે બધુ સહન કરતી, ક્યારેય સામે જવાબ ન આપે. રીનાએ જેટલુ સહન કર્યુ તેટલી તેના પતિની મારઝુડ ગાળા ગાળી વધી ગઈ, અત્યાચાર અને જુલમ વધતો ગયો. રીના તેનો પત્નિ ધર્મ બરાબર બજાવતી. ક્યારેય પતિ સામે કોઈ શીકાયત નહી, ન કોઈ ફરિયાદ, ના કોઈ વસ્તુની અપેક્ષા. પતિના લાંબા આયુષ્ય માટે જાત જાતના વ્રત અને તપ કરતી. અસલી ભારતીય નારી પોતાની ફરજ, પરિવાર તરફનો પોતાનો ધર્મ ક્યારેય ન ચુકે. રીના, પતિ અને પતિના પરિવારને માટે જ જીવે છે. પોતાની જાત પ્રત્યે ક્યારેય ધ્યાન નથી આપ્યુ.

વિચારોમાં હતી અને તેની બેનનો શિકાગોથી ફોન આવ્યો, અને રીના જાગૃત થઈ અને અસલી દુનિયામાં આવી. બેન સાથે થોડી વાત ચીત કરી ફોન મુક્યો. આજે વીસ વર્ષથી રીના અમેરિકામાં રહે છે. તેની સાથે તેને ત્રાસ આપવા વાળુ કોઈ નથી.એક દિકરો અને દિકરી,પ્રેમાળ વહુ અને જમાઈ, પૌત્રો, પૌત્રી. હવે જીવનમાં કોઈ દુખ નથી,કોઈ બોલવા વાળુ નથી. પતિ પણ તેને છોડીને સ્વર્ગે સીધાવ્યો છે.દિકરો આજ્ઞાકારી અને સમજદાર, જે જ્યારે પંદર વર્ષનો હતો, પિતાના પોતાની મા પરના અત્યાચાર જોઈને બોલતો મમ્મી તૂ કયા જમાનાની છુ ? આવા માણસને છોડીને ચાલી જા. રીનાને તેના કોઈ વાંક વીના પતિનો ત્રાસ હતો. રીના દિકરાને કહેતી બેટા હુ ક્યાં જાઉ આ જ મારી દુનિયા છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

પતિના અત્યાચારથી કંટાળેલી રીના ભગવાનને પ્રાર્થના કરતી અમને બેમાંથી એકને લઈલે. હવે હદ આવી ગઈ છે, સહન નથી થતુ. આવા કજીયા કંકાસ વાળા વાતાવરણમાં રહીને રીનાનો સ્વભાવ બદલાઈ ગયો હતો ગરીબડી ગાય જેવી રીના, તદન ઓછુ બોલવુ, સહન શક્તિની મુર્તિ, તેને હવે ચિન્તા, ફિકર, વિચારોમાં ખોવાએલુ રહેવુ, કોઈ પણ કામ હોય તો ચિન્તિત થઈ જાય. તેના પતિની આદત હવે તેનો સ્વભાવ બની ગયો હતો. માર ઝુડ વીના તેને કંઈ દેખાતુ ન હતુ. ઘરમાં કજીયા કંકાસ વાળુ વાતાવરણ થઈ ગયુ હતુ.

હવે ત્રાસ આપવાવાળો પતિ નથી રહ્યો પરંતુ તેના સ્વભાવને લીધે જે બિમારીઓ આવી છે તેનુ શુ ? રીના વર્ષોથી શાંતિ શોધે છે.ગાડી બંગલા,સુખ વૈભવ બધુ જ છે.મનની શાંતિની શોધમાં છે. તે હમેશાં વિચારે છે જીવનમાં હુ દુખી કેમ થઈ ? અને એનો જવાબ તેની અંદર બેઠેલો આત્મા આપે છે, તારા સ્વભાવના કારણે તુ દુખી થઈ હતી.
સ્વભાવને જમાનાને અનુરૂપ અને સમયને અનુલક્ષીને બદલવો પડે.

“એટલે?”

મને આત્માએ ફરી પ્રશ્ન પુછ્યો, “તે જે દુખો વેઠ્યા તેને સૌ સંતાનોએ જોયા છે ને” ?તેથી તેઓ તો તને માનશે..પણ હવે તૂ “આજ” માં જીવ અને હા, વહુને માટે મા બન. સાસુ ન બનીશ”.

“એટલે?”

“અપાય તેટલુ આપ તેઓને પણ, તેમની રીતે હસવાનો અને જીવવાની મોકળાશ આપ” થોડીક વાર સ્તબ્ધતા અનુભવતી રીનાએ ચારધામ યાત્રાએ જવાનો નિર્ણય કરી લીધો, એ બહાને ચાર મહિના સંતાનોને મોકળાશ મળે અને ઉપર લઈ જવાનુ ભાથુ પણ બંધાય. શ્રી કૃષ્ણની મોરલી પાછળ વાગતી સાંભળી તેનો બધો તણાવ હવા થઈ ગયો !!!

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# નાટ્યવિષયક સંસ્મરણો નવિન બેંકર

મને કોઈ પુછે કે 'નવીન, તને સૌથી વિશેષ મનગમતી પ્રવૃત્તી કઈ ?' તો..મારો જવાબ છે કે-'નાટક જોવાની. તે પછીની મનગમતી પ્રવૃત્તીઓમાં ફિલ્મો જોવી, પુસ્તકો વાંચવા વગેરે આવે. અને..અત્યારે કોમ્પ્યુટર પર ગુજરાતી ફોન્ટ્સમાં સડસડાટ પ્રમુખ પેડ પર લખીને વર્ડમાં સેઇવ કરી,મિત્રોને ઈ-મેઇલથી મોકલવું અને સારુ લાગે તો છાપામાં છપાવવા મોકલીને મારા બ્લોગ પર મુકી દેવું.

આજે સાવ નવરો બેઠો છું. તો..થયું, મારા નાટ્યવિષયક સંસ્મરણો લખી નાંખું.

હું દસેક વર્ષનો હોઈશ ત્યારે, મારા પિતાશ્રી સાથે દેશી નાટક સમાજ અને આર્યનૈતિક નાટક સમાજના ખ્યાતનામ નાટકો-'વીરપસલી', 'વડીલોના વાંકે',આંખકા નશા',-જોવા જતો એવું યાદ આવે છે.રાત્રે દસ વાગ્યે નાટક શરૂ થાય અને સવારના ચાર વાગ્યા સુધી ચાલે.વન્સમોર ઉપર વન્સમોર થાય અને કલાકારો ફરી ફરીને સ્ટેજ પર હાજર થઈને એ કોમેડી ગીતો ગાય..એ જમાનો મેં જોયેલો. એ વખતે માસ્ટર અશરફખાન, પ્રાણસુખ નાયક, ચિમન ચકુડો,રાણી પ્રેમલતા , સોહરાબ મોદી,વગેરેને મેં સદેહે જોયેલા.કદાચ ત્યારથી નાટક પ્રત્યે મને આકર્ષણ થયું હશે.

ત્યારપછી ૧૯૭૦-૭૧ દરમ્યાન 'નવચેતન'વાળા ચાંપશી ઉદ્દેશીએ મને નાટ્યકલાકારોના નામની એક સુચી આપીને તેમની મુલાકાતોના અહેવાલ લખવાનું કામ આપેલુ. અને..એ સમયગાળા દરમ્યાન મેં જશવંત ઠાકર, અનસુયા સુતરિયા,પી.ખરસાણી,જગદીશ શાહ, ગીરા શાહ, નરોત્તમ શાહ (મામા), પ્રવીણ જોશી, અરવીંદ જોશી, સરીતા જોશી, પદમારાણી,અરવીંદ ત્રીવેદી,ઉપેન્દ્ર ત્રિવેદી,રમેશ મહેતા, રીટા ભાદુરી,નલીન દવે,નરેન્દ્ર મહેતા,દીનેશ શુક્લ, ઇન્દીરા મેઘા, પ્રતિભા રાવલ,જયેન્દ્ર મહેતા, વિજય દત્ત, મનહર રસકપુર,માર્કંડ ભટ્ટ,ઉર્મિલા ભટ્ટ,પ્રતાપ ઓઝા,દામીની મહેતા અરવીંદ વૈદ્ય, અને એવા કેટલાય નામી કલાકારોની મુલાકાતો લઈને ૧૯૭૧-૭૨-૭૩ના વર્ષો દરમ્યાન 'નવચેતન'માં છપાવેલા. ૧૯૭૨ના વર્ષમાં, સ્વ.દિગંત ઓઝા સાથે મેં ફિલ્મ-અભિનેત્રી બીંદુની મુલાકાત "જી" માટે, એના મુંબઈના ફ્લેટ પર જઈને લીધેલી. એ વખતે હું બત્રીસ વર્ષનો યુવાન હતો અને 'આરાધના' તથા 'દો રાસ્તે'નો જમાનો હતો. બીંદુ ખુબ આકર્ષક ખલનાયિકા તરીકે છવાઇ ગયેલી.બિન્દુ હાથમાં ટ્રે લઈને દિવાનખંડમાં આવી અને ટેબલ પર મુકી ત્યારે..હું સ્તબ્ધ બનીને,દિગ્મુઢ થઈને એને જોતો જ રહી ગયેલો અને..સાચુ કહું તો એક પણ પ્રશ્ન એને પુછી શક્યો ન હતો. આખી મુલાકાત દીગંત ઓઝાએ જ લીધી હતી. આ અંગે દીગંતભાઇએ મારી ખુબ મજાક ઉડાવી હતી અને જે જેને આ વાત કરેલી એ બધા ખુબ હસ્યા હતા. જેને પરદા પર બાથટબના સ્નાન-દ્રષ્યોમાં અને મહેફીલોમાં ડાન્સ કરતી જોઇને 'લાળ' પાડી હોય એને સદેહે, આંખ સન્મુખ હાજરાહજુર જોઇને આંખમાં આંખ પરોવીને વાત કરવાનું થાય ત્યારે બત્રીસ વર્ષના છલકાતા યુવાનની શી હાલત થાય એ તમને નહીં સમજાય ! તમને તો હસવું જ આવતું હશે આ વાંચીને !
શ્રીરામ..શ્રીરામ..

૧૯૭૯માં હું ન્યુયોર્ક આવ્યો ત્યારે શ્રીરામ લાગૂ, રાખી અને અમિતાભ બચ્ચન અભિનિત ફિલ્મ ''જુર્માના' બોમ્બે સિનેમા ક્વીન્સ, બોમ્બે સિનેમા મેનહટન અને ડીલક્ષ સિનેમામાં રીલીઝ થયેલી અને અમિતાભ બચ્ચન થોડી થોડીવાર પરદા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

પાસે અવીને બે હાથ જોડી પ્રેક્ષકો સમક્ષ હાજર થાય એ વખતે અમિતાભજીને કારની રાહ જોતાં બે મીનીટ માટે સમય મળેલો ત્યારે નજીકથી જોવાનો અવસર મળેલો.એ વખતથી ફિલ્મ કલાકારોને મળવાની, તેમની સાથે વાતો કરવાની અને ફોટા પડાવવાની આદત પડી ગઈ.લગભગ સિત્તેર ઉપરાંત ફિલ્મી હસ્તીઓના મેં ઇન્ટરવ્યુ લીધા અને તેમની સાથે ફોટા પડાવ્યા.

૧૯૮૪ની સાલમાં મારી બહેન સ્વરકિન્નરી સંગીતાને કારણે, મુંબઈમાં રીનારોયના ફ્લેટ પર જવાનું થયેલું, પણ એ આખી વાત જ જુદી છે.

હા ! મુળ વાત હતી નાટ્ય વિષયક સંસ્મરણોની. અને હું આડે પાટે ચઢી ગયો. સોરી !

મારી ત્રેવીસ વર્ષની વયે,૧૯૬૩મા, અમદાવાદના કાંકરીયા વિસ્તારમાં આવેલા ઓપનએર થીયેટરમાં, ૧૯ ઓક્ટોબરે ચંદ્રવદન મહેતા લિખિત એક નાટક ‘માઝમરાત‘ ભજવાયેલું એમાં મેં ચતુરસેન પ્રધાનનું નાનકડુ પાત્ર ભજવેલું. મારા નવા નવા લગ્ન થયેલા.મારી પત્ની, મારા આઠ વર્ષની વયના નાના ભાઇ વિરેન્દ્રને ખોળામાં લઈને આગળની હરોળમાં બેઠેલી. એ વખતે મારા એક સંવાદ પર થોડી રમુજ થયેલી. મારો એક સંવાદ હતો- ‘ હેં ! મારી પત્ની ચાલી ગઈ, મને એકલો મુકીને જતી રહી ? હું જીંદગીમાંથી ફેંકાઇ ગયો.. આબરુમાંથી ગગડી ગયો‘…વગેરે..અને મારો નાનો ભાઈ મોટેથી બોલી ઉઠ્યો- ‘ભાભી અહીં જ છે.‘ અને..પ્રેક્ષકોમાં હાસ્યનું મોજુ છવાઈ ગયું હતું.

૧૯૬૪ના વર્ષમાં, હું જે બાળમંદીરમાં ભણેલો એ રંજનબેન દલાલના બાળમંદીરની રજતજયંતી પ્રસંગે બાળમંદીરના ભૂતપુર્વ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ અભિનીત સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૯ ઓક્ટોબર અને ૩૦ ઓક્ટોબર એમ બે દિવસ, અમદાવાદના ટાઉનહોલમાં રાખેલો. એ વખતે,રંજનબેનના હસબંડ અને જાણીતા લેખક, વિવેચક, નાટ્યવિદ એવા સ્વ.શ્રી. જયંતી દલાલ લિખિત નાટક ‘ જોઇએ છે,જોઈએ છીયે‘ ભજવાયેલું . આ નાટકમાં મારું પાત્ર ‘મકરંદ‘ નામના યુવાનનું હતું. મારા સહકલાકારોમાં શ્રી.ચંદ્રકાંત દલાલ, ભરત ઠક્કર, જગમિત્ર ઝવેરી, યોગેશ શાહ હતા. સ્ત્રી-પાત્ર મંજરી મજમુદાર નામના એક બહેન ભજવતા હતા. બધા કલાકારોમાં હું મારી ઉંચાઇને કારણે સૌનું ધ્યાન ખેંચતો હતો. ( અહો રૂપમ; અહો ધ્વનિ ! )

એ પછીના મોટાભાગના નાટકો એકાઉન્ટન્ટ જનરલની કચેરીની મારી નોકરી દરમ્યાન ભજવાયેલા.દર વર્ષે એક ગુજરાતી અને એક હિન્દી ભાષામાં નાટક ભજવાય. ક્યારેક હું ગુજરાતી ગ્રુપના નાટકમાં હોઉં અને ક્યારેક હિન્દી ગ્રુપમાં.પણ દરેક વખતે નાટકમાં મારો નંબર લાગે જ.

૧૯૬૬થી માંડીને ૧૯૭૮ ના વર્ષો દરમ્યાન મેં ઘણાં નાટકો કર્યા.( હું ‘ભજવ્યા‘ નથી કહેતો,’કર્યા‘ કહું છું, હોં ! )-ક્યારેક જિન્દગીમાં, ક્યારેક સ્ટેજ પર. સ્ટેજ પર કર્યા એના કરતાં જિન્દગીમાં વધારે નાટકો કર્યા છે.એની બડાશ નથી મારતો, GUILT ફીલ કરું છું

૧૯૬૬ અને ૧૯૬૯ એમ બે વખત અમે સ્વ. પ્રબોધ જોશીનું હિન્દી નાટક ‘પાગલ‘ ભજવેલું.એમાં હું ભણેલા ગણેલા યુવાન પાગલ ‘વિનોદ‘નો રોલ ભજવતો.દિગ્દર્શક શ્રી. ચીમન ટેકાણી (શર્મા) મદ્રાસી શાયર બનતા અને શ્રી. અર્જુન

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ભંભાણી નામના એક મિત્ર લખનવી શાયરનો રોલ કરતા.મને લખનવી શાયરનો રોલ કરવાની ઇચ્છા થતી, એ ઇચ્છા ૧૯૬૯માં પુરી થઈ હતી. આ નાટક અમે ૯ ઓક્ટોબર ૧૯૬૬ના દિવસે દિનેશહોલ ખાતે ભજવેલું અને ૨૭ ઓક્ટોબર ૧૯૬૯ના દિવસે વી. એસ.ઓડીટોરીયમમાં ભજવેલું. હિન્દી નાટકોના દિગ્દર્શક મોટેભાગે શ્રી. ચીમન ટેકાણી નામના, મારાથી દસેક વર્ષે મોટા એક સીંધી સદગ્રુહસ્થ રહેતા. એમને કિશોરકુમારનો વહેમ હતો. કિશોરકુમારની સ્ટાઇલમાં જ ફ્રી-સ્ટાઈલ કોમેડી કરતા.ચીમનભાઈ બધો વખત સ્ટેજ પર રહેવાય એવી જ ભૂમિકા પસંદ કરતા. બાકીના કલાકારોને તો આવનજાવન જ કરવાનું રહેતું.એમણે કેટલાય નવા કલાકારોને સ્ટેજ-એક્ટીંગ શીખવેલી. આજે બ્યાશી વર્ષની વયે એ પથારીવશ છે.

અન્ય ગૌણ ભૂમિકાઓમાં સુરેશ ગોહેલ અને હાર્મોનિયમ માસ્ટર બાબુ જાદવ અભિનયના અજવાળા પાથરતા હતા. ચીમનભાઇના દિગ્દર્શન તળે અમે બીજું એક નાટક 'ડો.તોતારામ શર્મા' ભજવેલું જેમાં મને ૨૮ વર્ષની ભરજુવાન વયે દાદાજીનું પાત્ર ભજવવા મળેલું.

૭ જાન્યુઆરી ૧૯૬૮ના રોજ જ્યોતિસંઘ હોલમાં અમે એક સુંદર પ્રહસન' મારે પરણવું છે' ભજવેલું જેમાં મેં મુખ્ય ભૂમિકા ભજવેલી.મારી હીરોઈન તરીકે વીણાબેન શાહ નામના એક બહેન હતા.અને સહ્કલાકારોમાં જીવરામ પરમાર,મનહર વ્યાસ, જયેશ દેસાઈ, દિલાવર પઠાણ અને ગુલાબ રાણા હતા. આ ગુલાબ રાણા પટાવાળા તરીકે નોકરી કરતો, પણ ખુબ જોલી અને સ્વ. મુકેશના ગીતો ગાવાનો શોખીન.અમે તેની પાસે ' ચાંદ આહેં ભરેગા,ફુલ દિલ થામ લેંગે' ગવડાવતા એવું સ્મરણ છે. વીણાબેને પાછળથી, પોતાનાથી મોટી ઉંમરના, એક કરવંદીકર નામના મરાઠી સજ્જન સાથે પ્રભુતામાં પગલા પાડેલા.

૭ જાન્યુઆરી ૧૯૬૮ના રોજ અમદાવાદના ઓપનએર થીયેટરમાં અમે સ્વ. કમલેશ ઠાકર લિખિત નાટક ' બ્લડપ્રેશર' ભજવેલું જેમાં મેં જ્યોતિષી મહારાજની ભૂમિકા ભજવેલી. એ નાટકનું દિગ્દર્શન સ્વ. હર્ષદ વ્યાસે કરેલું અને મુખ્ય સ્ત્રી-ભૂમિકા વીણાબેન શાહે ભજવેલી.

હવે આવે છે મારું એક અતિપ્રિય એકાંકિ નાટક- ' ઉકરડાના ફુલ' વર્ષ તો મને યાદ નથી, પણ કોલેજોના વાર્ષિકોત્સવ પ્રસંગે નાટ્યસ્પર્ધાઓ થતી એમાં ૧૯૬૪ કે તે દરમ્યાન સ્વામિનારાયણ કોલેજ તરફથી રજુ થયેલા આ નાટકને બેસ્ટ નાટકનો એવોર્ડ મળેલો અને નલીન દવે નામના વિદ્યાર્થીને એમાં ગુંડાની ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળેલો. આ નલીન દવે પાતળો અને એટલો સોહામણો હતો કે નાટ્યગુરુ શ્રી. જશવંત ઠાકરે ૧૯૬૬માં મહાભારતના થીમ પર રચાયેલા નાટક 'પરિત્રાણ'માં એને શ્રી.કૃષ્ણ ભગવાનની ભૂમિકા આપેલી.'પરિત્રાણ' એક ઇતિહાસ સર્જી ગયું અને નલીન દવે ગુજરાતી ફિલ્મોનો હિરો બની ગયેલો. આ નલીન દવેની મારી મુલાકાત ' નવચેતન'ના ૧૯૭૧ ના કોઇ અંકમાં પ્રસિદ્ધ થઈ હતી.

મેં આ નાટક જોયેલું અને મારા મનમાં આ ભૂમિકા ભજવવાની જિજીવિષા એટલી બળવત્તર થઈ ગયેલી કે એ નાટકના ત્રણે રોલ મેં જુદા જુદા સમયે ભજવ્યા હતા.૨૭ ઓગસ્ટ ૧૯૬૭ને દિવસે દિનેશ હોલમાં ભજવ્યું ત્યારે મેં પાગલની ભૂમિકા ભજવેલી. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૬૯ને દિવસે ટાઉનહોલમાં ભ્જવ્યું ત્યારે મેં દારુડીયાની ભૂમિકા ભજવેલી. અને

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

છેલ્લે, ૨૩ મે ૧૯૭૪ને દિવસે અમદાવાદના ટાઉનહોલમાં મેં ગુંડાની ભૂમિકા કરેલી. અમારી ઓફીસના વાર્ષિકોત્સવ પ્રસંગે જ્યારે આ નાટક કરવાની મેં પ્રપોઝલ મૂકી અને સ્ત્રી-પાત્ર માટે ટહેલ નાંખી તો કોઈ જ બહેન સ્ત્રીપાત્ર ભજવવા જ તૈયાર ન થાય કારણ કે એમાં સ્ત્રીપાત્રને ફેશનેબલ વસ્ત્રો પહેરીને રોલો પાડવાની તક ન હતી. શેરીમાં ગોદડી પાથરીને પડી રહેતી ભિખારણનું પાત્ર હતું.અંતે ઇન્દીરાબેન વૈષ્ણવ ( હવે દેસાઇ ) નામના એક બહેન તૈયાર થયા અને નાટક ભજવાયું. આ ઘટના પર મેં એક કાલ્પનિક વાર્તા 'સહાનૂભુતિજન્ય સ્નેહ' પણ એ વખતે લખેલી જે 'સંદેશ'ના સ્ત્રી સાપ્તાહિકમાં પ્રગટ થઈ હતી અને મારા ૧૯૭૧માં ભારતી સાહિત્ય સંઘ દ્વારા છપાયેલા વાર્તાસંગ્રહ ' પરાઇ ડાળનું પંખી'માં પણ છપાયેલી. આજે પણ આ મારું પ્રિય એકાંકિ છે. પરંતુ …અફસોસ કે આજે હું આમાંનું એકે ય પાત્ર ભજવવાને લાયક રહ્યો નથી.

૧૯૬૮ અને ૧૯૭૨ ના વર્ષોમાં એક હિન્દી નાટક ' મકાન ખાલી હૈ' ચિમન ટેકાણીએ ભજવ્યું અને એક વખત મને શાયર તો બીજી વખત મને ગુજરાતી કારકુનની ભૂમિકા આપેલી.બન્ને પાત્રો ગૌણ જ હતા. ચીમનભાઇ મકાન માલીક બનતા હતા અને આવનાર ભાડુતોના ઇન્ટર્વ્યુ લેતા એવું કંઇક વાર્તાવસ્તુ હતું. આ નાટકમાં દોલત રતવાણી, દિલીપ દેવ અને પૌરવીબેન મુન્શી ભૂમિકાઓ ભજવતા હતા. આ નાટક ૯ સપ્ટેમ્બર ૧૯૬૮ને દિવસે દિનેશ હોલ અને ૧૩મી મે ૧૯૭૨ને દિવસે ટાઉનહોલમાં ભજવાયેલું એવું મારી પાસેના બ્લેક એન્ડ વ્હાઇટ ફોટાઓની પાછળ લખેલી વિગતો પરથી જણાય છે.

૧૯૭૮માં જયશંકર સુંદરી હોલમાં ભજવેલ એક હિન્દી નાટક ' દામાદ'માં મેં દીકરીના બાપની ચરિત્રભૂમિકા ભજવેલી. ૧૧ એપ્રિલ ૧૯૭૬ને દિવસે ટાઉનહોલમાં સ્વ. બકુલ ત્રિપાઠી લિખિત ફુલ લેન્થ પ્લે 'રાણીને ગમે તે રાજા' અમે ભજવેલું જેમાં મેં છોકરાના બાપ-ગરબડદાસ-નો રોલ કરેલો. ભારતીબેન રાવલ 'પન્ના'ની ભૂમિકા ભજવતા હતા.ભાઇ કુમુદ પોચાલાલ, કંદર્પ શાહ ગોરમહારાજ અને ઇન્દ્રવદન પટેલ વનમાળીદાસ બનતો હતો. આ નાટક પછી કુમુદ રાવલ અને ભારતીબેન રાવલ અમારા ફેમિલી ફ્રેન્ડ્સ બની રહ્યા છે અને આજે આટલા વર્ષે પણ -૩૫ વર્ષની દોસ્તી અણનમ રહી શકી છે. જ્યારે જ્યારે અમદાવાદ જવાનું થાય છે ત્યારે અમે ચારે ય જણ-બન્ને કપલ- સાથે ગુજરાતી નાટકો, સંગીતના કાર્યક્રમો જોવા જઈએ. કુમુદભાઇ પણ સિરિયલોના સારા કલાકાર છે.બધા જ ગુજરાતી કલાકારો સાથે તેમને ઘરોબો છે.મને નાટકોની મોટી મોટી હસ્તીઓ સાથે મુલાકાત કરાવી આપે છે.

૧૯૭૯ના જુનમાં અમેરિકા આવતાં પહેલાં ૧૯૭૮માં મેં બે નાટકોમાં નાના નાના રોલ કરેલા. મરાઠી નાટ્યલેખક કાટદરે લિખિત મરાઠી રહસ્ય નાટક ' ગુંચ'ના ગુજરાતી રુપાંતરનું દિગ્દર્શન શ્રી.દિલીપ દેવ નામના એક કુશળ કલાકારે કરેલું .તેણે એમાં મુખ્ય ભૂમિકા પણ ભજવેલી.અન્ય મુખ્ય ભૂમિકામાં ઇકબાલ સૈયદ નામનો એક ખુબસુરત અભિનેતા હતો. અમે અમુક કારણોસર સૈયદની ઇર્ષા કરતા. 'અમે' એટલે કોણ કોણ એ ચોખવટ હું અત્રે નહીં કરું.અને બીજું હિન્દી નાટક 'ચોર મચાયે શોર' ચીમન ટેકાણીએ ભજવેલું જેમાં મેં ગૌણ ભૂમિકા ભજવેલી.

આ સિવાય પણ કેટલાક નાટકો છે જેની વિગતવાર માહિતી મારી પાસે નથી.એક નાટકમાં દુધવાળીના પાત્રમાં મીસ ટેઇલર દેખાય છે,નવી દુલ્હનના લેબાસમાં વીણાબેન શાહ ,રાજુના પોષાકમાં દિલાવર પઠાણ અને 'ગાંડા'ની ભૂમિકામાં

હું ઉભો છું એવો એક ફોટો મારા હાથમાં આવ્યો છે પણ તેની પાછળ કોઇ વિગત નથી લખેલી.કદાચ,ઓરીજીનલ કોપી પરથી પાછળથી કોપી કઢાવી હોય તેવું બન્યું હોય !
૧૯૭૦ના સમયગાળામાં કોઇ સંસ્થાએ નાટ્યહરિફાઇ યોજેલી અને એમાં હું અને સ્વ.રામકુમાર રાજપ્રિય નિર્ણાયકો તરીકે હતા. ત્યારે, એ વખતના અમદાવાદના મેયર શ્રી. કૃષ્ણવદન જોષી અને સ્વ. જશવંત ઠાકર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા.

અત્યારે તો નાટકોના જૂના ફોટાઓ જોતાં જોતાં જેમ જેમ સ્મરણો આવતા જાય છે તેમ તેમ લખતો જાઉં છું. ઘણીવાર જૂના મિત્રો ફોટામાં ઓળખાતા પણ નથી.ત્રીસ-ચાલીસ વર્ષ પહેલાંની યાદોની વણઝાર મારી આંખ સામેથી પસાર થતી જાય છે.જેમ જેમ મારા મિત્રો આ લખાણ વાંચતા જાય છે તેમ તેમ ભુલાયેલું યાદ અપાવતા જાય છે.ક્યારેક વર્ષ બાબતમાં કે નામ બાબતમાં મારી શરતચૂક થઈ જાય છે તો પ્રેમથી સુધારો પણ સુચવે છે.

મારું બાળપણ અને જૂવાની માણેકચોકમાં આવેલી સાંકડીશેરીની ઝુંપડીની પોળમાં વીત્યા છે.એ સાંકડીશેરીમાં એક ખીજડાની પોળ પણ આવેલી છે જ્યાં ત્રણ વસ્તુઓ પ્રખ્યાત છે. એક, કાકુભાઇ શેઠની હવેલી, બીજી સિટી હાઇસ્કુલ અને ત્રીજું,ત્રણ કલાકાર બંધુઓ-સ્વ.રજની શાસ્ત્રી, સ્વ.મયૂર શાસ્ત્રી અને આજનો ગુજરાતી કોમેડીયન મહેશ શાસ્ત્રી. આ મયુર શાસ્ત્રી મારી ઉંમરનો. સાલો જીનીયસ હતો. નાટકો લખે, નાટકો ભજવે અને કોમેડી પણ કરી લે.એનો હાથ હંમેશાં તંગીમાં રહે.એનું લખેલું એક નાટક 'ધનાજીનું ધીંગાણું' મને ખુબ ગમી ગયેલું. એ નાટક મેં મારી રીતે, મને અને અન્ય કલાકારોને અનુકૂળ આવે તે રીતે ફેરફારો કરી કરીને ત્રણ વખત ભજવેલું. દરેક વખતે હું , જુવાન દીકરા અને દીકરીના બાપનો રોલ જ કરતો. છોકરાંઓ મને બેવકૂફ બનાવીને બહાર છાનગપતીયા કરીને પ્રેમલગ્ન કરી લે છે એવી કંઇક વાર્તા હતી.ધોતિયુ, ઝભ્ભો , બંડી, માથે ધોળી ટોપી, નાક પર ટેકવેલા ચશ્મા , હાથમાં લાકડી અને ચંપલો પહેરીને દોડાદોડી કરવાનો રોલ હતો. પ્રથમ વખત ઓફિસના વાર્ષિકોત્સવ પ્રસંગે મારા મિત્ર કુમુદ રાવલ સાથે ભજવેલું. બીજી વખત અમારી જ્યોતિકળશ સોસાઇટીમાં, સોસાઇટીના છોકરાઓને લઈને ભજવ્યું હતું અને ત્રીજી વખત ન્યુયોર્કમાં તારીખ ૨૧ સપ્ટેમ્બર ૧૯૮૬ના રોજ, જોન બાઉની હાઇસ્કુલના ઓડીટોરીયમમાં ( ૬૨-૨૫,મેઈન સ્ટ્રીટ, ફ્લશિન્ગ, ન્યુયોર્ક ખાતે ) ભજવેલું. રોહીત પંડ્યા, સ્વ. મહેન્દ્ર ત્રિવેદી,નૈષધ પંડ્યા,સ્વાતિ વૈષ્ણવ,ડોક્ટર આર.પી.શાહ જેવા ધુરંધરો સાથેની સ્પર્ધામાં મેં ઝુકાવવાની ધૃષ્ટતા કરેલી. એ સ્પર્ધાના નિર્ણાયકો હતા-શ્રી.ચંદ્રકાંત શાહ ( ડાયસ્પોરા સર્જક,નાટ્યકાર, લેખક, કવિ અને શ્રી. તારક મહેતાના જમાઈ ), સુમતીબેન થાણાવાલા (ભરવાડા) જે આજે પણ 'પલ્લવી પરણી ગઈ'નાટકની પલ્લવીના પાત્રથી વધુ જાણીતા છે તથા સ્વ. આદિલ મન્સુરિ. ન્યુયોર્કની ફાસ્ટ લાઇફમાં પ્રેક્ટીસ કરવાનો સમય ક્યાં મળે ? એટલે મેં, મારા બન્ને બાળકોના રોલ માટે મારા નાના ભાઇ વિરેન્દ્ર અને મારી સ્વરકિન્નરી બહેન સંગીતાને જ તૈયાર કરેલા. અમારા જ બિલ્ડીંગમાં રહેતા ભારતીબેન નામના એક રુપાળા બહેનને ય એક પાત્ર આપેલું. અમારા કમનસીબે, સ્પર્ધાના અન્ય નાટકોની સરખામણીમાં અમે ઉણા ઉતર્યા અને અમને ઇનામ ન મળ્યું. ઇટસ ઓ.કે…શ્રીરામ..શ્રીરામ.

.

ભાગ-૨ ( સમયગાળો-૧૯૮૭ થી ૨૦૧૧ ) સ્થળ- હ્યુસ્ટન .અમેરિકા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ....કદી કરવું પડે છે – મનોજ મહેતા

ના મળે જો કાંઇ તો તે પણ કદી કરવું પડે છે.
રાહમાં પારોઠનું પગલું કદી ભરવું પડે છે.

સાથ કેવો? વાટ કેવી? એ જરા જોવું પડે છે,
માછલીને જળ મહીં ક્યારેક તરફડવું પડે છે.

લોક એવું છો કહે પણ આ ફક્ત એક ભાસ છે,
આસમાંને પણ, કદી કોઈ જગા ઝુકવું પડે છે.

જર, જમીં, જોરૂ કરે કજિયો પલક મારો તમે,ને-
આપના ખિસ્સા મહીં લીલાશને સે'વું પડે છે.

હો ભલે માયા તણા સો મણ વજનનું ગુલબદન,
પ્રાણ સરકી જાય તો એ લાશને તરવું પડે છે.

દેવકી, મંદોદરી, કુંતિ અને કૈકેયી, પણ-
મા ખરેખર મા જ રે' છે, લોકને કે'વું પડે છે.

ઊડવાના હોય સપના છો ભલા માણસ તમારા-
પણ, છતાં, અગણિત વખત નીચે ભલા પડવું પડે છે.

હૃદયથી આંખો સુધી અશ્કો ઉપર ચઢતા રહે,પણ-
ઢાળ છે તો નીરને પાછા પગે વ્હેવું પડે છે.

આદમી અહીં આદમી બનવા કરે હરકત, પરંતુ-
કોણ કે' છે આદમીને જાનવર બનવું પડે છે.

વાદળાં ડૂસકે ચઢે તો તે વરસવા માંડશે, પણ-
એ જ વાદળ ગરજશે તો ભટકતા ફરવું પડે છે.

દૂધ પાણીને અલગ જે પાડશે તે હંસ છે, પણ-
લોભમાં ભરવાડને એ એકઠું કરવું પડે છે.

આંખમાં જેની અસંખ્ય ઝંખનાઓ હણહણે છે,

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ભર-બહારે એ કળીને કાં ભલા ખરવું પડે છે.

ચાલમાં સહુની તફાવત કેટલો ઉત્કટ રહે છે,
હંસલાની જેમ ચાલે કાગ તો હસવું પડે છે.

કરકસર કરવી જરૂરી છે, પરંતુ, કૃપણતામાં-
એ કદી ના પરિણમે, એવું અચુક શિખવું પડે છે.

બે ઘડી પે'લા ચમકતો ને હવે ખરતો સિતારો-
જોઇ સમજ્યો, આસમાંને પણ કદી ઝુકવું પડે છે.

ફળ, ફૂલ કે પશુ પક્ષીના ગુણ અવગુણ અપનાવી,
આદમીને આદમી બનવા ઘણું મથવું પડે છે.

પત્થર એ પત્થર જ રે' છે, એ કદી પીઘળે નહીં,
પણ, રહે જો જળ મહીં, એને ય પીઘળવું પડે છે.

કરકસર ને કૃપણતા એ મા અને માસી સમા છે,
મા રહે છે મા સદા, માસીને મા બનવું પડે છે.

યાદ છે કો'કે કહ્યું' તું ભીંતને પણ કાન છે, ને-
ભીંત ખુદ જાસૂસ હો એ સત્ય,પણ, સમજવું પડે છે.

ઊડવાની સહેલ સુંદર, તે છતાં ક્યાં છૂટકો છે,
તણખલાને પણ પછી નીચે જ પછડાવું પડે છે.

ચાર છે મીનાર ઉંચા આસમાંને છેદતાં, ને-
રાતના આકાશની છાતી રજત ખૂને વહે છે.

હાથમાં આવેલ પાનું હુકમનું હોઈ શકે છે,
પણ,'મનુજ' એક્કા વગર જીતી જવા મથવું પડે છે.

'મનુજ' હ્યુસ્તોનવી
૧૧/૧૭/૨૦૧૦

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# યાદ આવે માના મીઠા બોલ..વિશ્વદીપ બરાડ




યાદ આવે માના મીઠા બોલ,
કરતો રોજ ફરિયાદ તને,
તોય તું તો મીઠી ઢેલ..યાદ આવે માના મીઠા બોલ

સાગર જેઓ ખોળો જેનો,
માખણ જેવી કુણી મા,
કોયલ થઈ એ ટહુંકી ઉઠે .યાદ આવે માના મીઠા બોલ

કોઈ કરે ફરિયાદ મારી,
ના સાંભળે એના બોલ,
ભેટી પડી એ વહાલ કરે…યાદ આવે માના મીઠા બોલ

હૈયું એનું હળવું ફુલ,
મનનો માળો સુંદર સુંદર,
મંદીરમાં તું એક જ દેવી..યાદ આવે માના મીઠા બોલ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વસંત આવી – ડૉ. ઇન્દિરાબેન શાહ



ફાગણ આવ્યો વસંતના એલાન થયા હોળી આવી વસંતની વધાઇ લાવી
અબિલ ગુલાલ ઉડ્યા કેશુડાના રંગે રંગાયા વસંત આવી વસંત આવી
બાળકો શાળા પ્રાંગણમાં ખેલે કુદે નાચે ગાય ઝુમે વસંત વધાવે
વસંત આવી વસંત આવી આદિત્ય નારાયણ કૃપા કરી પ્રકાશે
ઠુંઠા વૃક્ષો હર્ષે ડોલે વસંત વધાવે વસંત આવી વસંત આવી
ઘોસણા કેલેન્ડરના પાને કરી ઓફીસિયલ સ્પ્રીંગ શરુ થઇ
વસંત આવી વસંત આવી આ શું!ફીલાડેલફિયામાં હું જોઇ રહી!
હિમ વર્ષા જાણે હેમંત આવી ફરી કે વધાવે વસંતને અબિલ છાંટણે
વસંત ક્યાં તું ગઇ છુપાઇ? કુંપળો વૃક્ષો પર જોઇ હર્ષાઇ
વસંતના એંધાણ નિહાળી વસંત આવી વસંત આવી
કલરવ પક્ષીઓના સંભળાય તણખલા ચાંચે વિણાતા દેખાય
વસંત આવી વસંત આવી બતકોની હાર મહાલે માર્ગે
ટ્રાફિક ક્ષણિક સ્થગિત કરે વસંત આવી વસંત આવી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# લોટરી લાગી-પ્રવિણા કડકિયા

લોટરી લાગી, એ શબ્દો કેટલા રોમાંચક છે. પછી ભલેને સો રૂપિયાની લાગે કે લાખ રૂપિયાની. સ્ત્ય ઘટનાને આધારિત આ વાત વાંચવાનું ચૂકશો નહી.

ગંગા, મારી સહેલીને ત્યાં છેલ્લા ૪૫ વર્ષથી કામ કરે છે. હવે તો તેને "નોકરાણી"કહેવી તે અપમાન જનક શબ્દ લાગે છે. ઘરની પ્રતિભા જાળવનાર ગંગા, આખા ઘરને ચલાવનાર ગંગા, રસોડાની રાણી ગંગા, બાળકોની દેખરેખ પણ ગંગા નિત્ય કરે. અરે વખત આવે ઘરનાને ખખડાવે પણ ખરી.

વર્ષો થયા અમેરિકા આવ્યે. એ ગંગાને છેલ્લે હું દસેક વર્ષ પર મળી હતી. આ વખતે ભારત ગઈ ત્યારે મને ફરી મળવાનો મોકો મળ્યો. પુરાણા દિવસોની યાદ તાજી થઈ. જ્યારે હું મારા બે બાલકો વખતે ગર્ભવતી હતી ત્યારે હંમેશ કહે 'હેં નીના બહેન અંહી રોજ જમવા આવતા હો તો તમને રોજ ગરમ ગરમ રોટલી જમાડું. આજે જ્યારે યાદ આવે છે ત્યારે આંખના ખૂણા તગતગી ઉઠે છે. નિર્મળ પ્યાર હવે તો જાણે સ્વપનું થઈ ગયું.

આ વખતે ગંગા મળી.ખુબ ખુશ હતી. મારી સહેલીતો દસ વર્ષ થવા આવ્યા "કેન્સર" તેને ભરખી ગયો. પણ ગંગા હજુ તેના પરિવારની દેખરેખ રાખે છે. નામ તેવા ગુણ. એ જ નિષ્ઠાપૂર્વક રસોઈ પાણીનું કામકાજ સંભાળે છે. ઘરમા શું છે ને શું લાવવાનું છે તે બધી વાતની ગંગાને ખબર. અરે તેના હાથ નીચે બે માણસો પણ કામ કરે છે. એવી આ ગંગા મને પાછી મળી.

નીના બહેન, હરખ જતાવતી આવી અને મને ખુશીના સમાચાર દેવા અધુરી કહે મને "લોટરી લાગી". હું તો ખુશખુશાલ થઈ ગઈ. હવે વાત એમ હતી કે તે વર્ષો થયા ઝુપડપટ્ટીમા રહેતી હતી. મુંબઈમાં ત્યાં ટાવર બનાવવાનું સરકારે નક્કી કર્યું. રાજા, વાજા અને વાંદરા સરખા.બધા ત્યાંનારહેવાસીઓને કહે કે જગ્યા ખાલી કરો. બિચારી ગરીબ પ્રજા ક્યાં જાય. જેના નામના ઝુંપડા હતા તે બધાને પૈસા આપવાનું નક્કી થયું .ગંગાએ આખી જીંદગી નહોતું ભાડું ભર્યું કે કોઈ પણ વાર પાણી અને વિજળીનાપૈસા ભર્યા. માત્ર તેના નામ પર એ સરનામાનું રેશન કાર્ડ હતું.

ભલું થજો રેશન કાર્ડનું કે જેને લીધે આખી જીંદગી સસ્તી ખાંડ, ચોખા અને ઘંઉ તે લાવતી. આ રેશન કાર્ડે તો તેને સાબિતી પૂરી પાડી કે 'ગંગા ' આ સરનામા પર છેલ્લા ૩૦ વર્ષથી રહે છે. પછી તો તેના શેઠે તેને પીઠબળ પુરું પાડ્યું. તેની સાથે બધી સભામા ગયા અને મકાન બાંધવાવાળા પાસેથી પૂરા "૨૫ લાખ" રૂપિયા મેળવ્યા. ગંગા જેણે આખી જીંદગી એક જ શેઠની નોકરી કરી હતી. અરે એ કુટુંબની જે એક મોભાદાર સદસ્ય બની ગઈ હતી તેને આજે પોતાનું કહી શકાય તેવું સુંદર ઘર છે.તેના શેઠે તેને આખું ઘર વસાવી આપ્યું . તેના મુખ પરની સંતોષની લકીર જોઈ મારું મન પણ પ્રફુલ્લિત થઈ ઉઠ્યું અને 'ગંગાને લોટરી' લાગી તેનો આનંદ સર્વત્ર હવામાં ઘુમરાઈ રહ્યો.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ટુચકો- સુરેશ બક્ષી એ કહેલો



રમેશ કહેઃ- મને બે ઠેકાણે જવુ ના ગમે

કનકે કહ્યુઃ- કયા બે ઠેકાણા?

રમેશે કહ્યુઃ- છપ્પન ભોગ અને નવરાત્રીના ગરબા

કનક કહે – કેમ?

રમેશ કહેઃ- બંને ઠેકાણે જોવાનું અને જીવ બાળવાનોને?

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સબંધો કેવા હોવા જોઇએ? –ધીરુભાઇ શાહ



www.spokanehumanrelations.com/

સબંધો કેવા હોવા જોઇએ?

જમીન અને ઝાડનાં જેવા અને

ટટાર પણ નરમ ઘાસ જેવા_

પવનનાં તોફાનમાં ઉખડે નહીં અને

પાણીનાં પૂરમાં તણાય નહીં તેવા_

સબંધોનાં પણ ઝાડ હોય છે.

કેટલાક ઉગેછે અને પાંગરે છે,

તો કેટલાક કરમાઈ જાય છે.

કેટલાક સબંધો વડ અને આંબા જેવા હોય છે.

કેટલાક સબંધો બાવળ અને કાંટા જેવા હોય છે.

કેટલાક સબંધો મીઠી મધુરી દ્રાક્ષ જેવા નીવડે છે.

તો કેટલાક સબંધો ખાટી દ્રાક્ષ જેવા નીવડે છે.

સબંધોને પણ વસંત અને પાનખર હોય છે.

સબંધોને પણ ભરતી અને ઓટ હોય છે.

સબંધોને પણ પૂનમ અને અમાસ હોય છે.

સબંધોનો આધાર સ્વાર્થ નહીં પણ ત્યાગ હોય છે.

સબંધો બાંધવા સહેલાં છે.

પણ નિભાવવા અઘરા છે.

પહેલા સબંધો હ્રદયે તોળાતા હતા.

આજે ત્રાજવે તોળાય છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# કાન્તુબાને -દીપા અને રસેશ દલાલ

બા, તું તો એકજ છે, પણ તારી યાદો અનેંક છે

બા, તું તો એકજ છે, પણ તારી વાતો અનેંક છે

બા, તું તો એકજ છે, પણ તારો આરો અનેંક છે

બા, તું તો એકજ છે, પણ તારો ગૌરવ અનેંક છે

બા, તું તો એકજ છે, પણ તારા સાજ અનેંક છે

બા, તું તો એકજ છે, પણ તારી સેવા અનેંક છે

બા, તું તો એકજ છે, પણ તારો પ્રેમ અનેંક છે

બા, તું તો એકજ છે, પણ તારી મમતા અનેંક છે

હા બા,

તું તો એકજ છે, પણ તારી યાદો અનેંક છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# એમનો વંશ – વિજય શાહ

અને આક્રોશમાં ધારા પોકે ને પોકે રડી પડી. એને સમજ નહોંતી પડતી કે પ્રિયમ ને આટલુ સમજાવ્યા છતા પણ તે બા ની વાતોને જ કેમ વધારે મહત્વ આપતો હતો. બે છોકરી પછી પણ હજી એજ પુત્ર લાલસા..તેનામાં હવે સુવાવડ લેવાની તાકાત તો હતી જ નહીં. પ્રિયમ તેને સ્પંદીત કરવા મથે તો સ્પંદનો જન્મે તો ખરા પણ અજંપા, દુઃખ અને એકલતા ભરીતે સુવાવડની રાતો યાદ આવતાજ તે ઠરી જતી. પ્રિયમને મન ધારાનું દર્દ એ હંગામી ઘટના હતી પણ બાને રાજી રાખવા તે બધુ કરી છુટવા હરદમ તત્પર હતો..અને તે પણ માનતો કે વંશ ચલાવવા બા જે પુત્ર માટે આગ્રહ કરે છે તે લોકધારે પણ સાચો છે.

પ્રિયમ પણ આમતો ત્રીજે ખોળે હતો તેથી બા માનતા કે ત્રીજુ સંતાન પુત્ર હશે…રાત પડે અને પ્રિયમનો મનગમતો સાથ શરીરનો થાક ઉતારતો પણ સુવાવડની ભીતિ અને ત્રીજી પણ પુત્રી થશે તો?નો કાલ્પનીક ભય ધારાને રડાવતો..તેના ગર્ભધારણ ન થાય તે પ્રયત્નોથી પ્રિયમ પણ ખીજવાતો અને એક પ્રકારની તાણથી ધારા પણ ત્રસ્ત રહેતી..પહેલી રાધા બીજી સ્વરા પ્રિયમની શીફ્ટ ની નોકરી અને પાછી ધારાની નોકરી તો ચાલુ જ્..જોકે બા ઘણું કરતા છતા અપેક્ષાઓનાં બે ચાર વાક્યોમાં જેવો વંશજનો ઉલ્લેખ આવે એટલે ધારાને તેના પપ્પા જે વાત કહેતા તે યાદ આવે. આજના જમાનામાં પુત્ર હોય કે પુત્રી બંને દરેક રીતે સમાન. પણ બાને આ વાક્ય પ્રિયમ કહી શકે ધારાથી થોડું કહેવાય?

તે પ્રિયમની જીદ સામે હારી ગઈ..બા તો ઘણા રાજી હતા અને તેમને ગળા સુધી ખાતરી હતી કે આ વખતે તો બાબો જ છે તેથી રાધાને કહેતા કે આ વખતે તો રાખડી બંધાવનારો જ આવે છે.અંજના બહેન ને સુવાવડ ધારાની સાથે જ હતી અને તેમને ત્રણ બાબા પછી બેબીની આશ હતી..બા દીકરી અને વહૂ બંનેની સુવાવડમાં વહેંચાઈ ગયા હતા અને બુધવારે રાત્રે એકદમ દર્દ ઉપડ્યું. લોહી ખુબ જ વહેતુ હતુ તેથી ખુબ જ ચક્કર આવતા હતા…ધારાથી તો દર્દ લેવાતુ જ નહોંતુ અને હોસ્પીટલમાં પહોંચ્યાને અંધારા આવવાનાં ચાલુ થઈ ગયા.અંજના બેન પણ આગલે દિવસે જ દાખલ થયા હતા..ધારાનું બીપી ખુબજ નીચું હતું તેથી દર્દ લેતા લેતા તેણે ભાન ગુમાવ્યું અને સીઝેરીયન ની તૈયારી શરુ થઈ. બા અંજના બેન અને ધારા બંનેને જાળવતા..મોડી રાત્રે અંજના બેન ને પણ દર્દ શરુ થયુ…નર્સો અને લેડી ડોક્ટર ધારા બેહોશ હોવાને કારણે ખુબ જ અકળાતી હતી. પ્રિયમને અને બાને લેડી ડોક્ટરે કહી દીધું કે આવી પરિસ્થિતિમાં એક જ જીવ બચશે…ધારાનો દુબળો દેહ પ્રસુતિ સહન કરી શકે તેમ જ નથી. અંજના બહેનની પ્રસુતી સામાન્ય હતી પણ ધારા નું જોખમ મોટુ હતુ…બાની સામે જોતો પ્રિયમ એક વખત તો ફફડી ગયો જો ધારાને કશુ થશે તો..ઓપરેશન ટેબલ ઉપર લઈ જતા લેડી ડોક્ટર અને નર્સો પ્રિયમ અને બા સામે બહુ વિચિત્ર રીતે જોતા હતા જાણે કે તેમણે ધારાનું ખુન કરવા આ પ્રસુતિ ના પ્રયોજી હોય્…

રાધા અને સ્વરાને સ્કુલે મુકવા જવાની હોઈ પ્રિયમ બાને ઘેર મુકવા આવ્યો. પાછો હોસ્પીટલમાં આવ્યો ત્યારે અંજના બેનનાં છેડા છુટી ગયા હતા તેમની આશા વિરુધ્ધ ચોથો બાબો હતો તેથી તે રડતા હતા. ધારા હજી ઓપરેશન થીયેટરમાં હતી. સમય મંથર ગતિએ જતો હતો..ધારા ખાલી ખોળે આવી ત્યારે તેની બેહોશી તુટી નહોંતી..પણ જ્યારે તે ભાનમાં

આવી અને જાણ્યું કે બાબો હતો ત્યારે ખુબ રડી. તેને રડતી જોઈ પ્રિયમ પણ ખુબ જ ઉદાસ થયો. ખાલી ખોળો ભરાયેલી છાતી અને દુઝતુ વ્યથીત હૈયું લઈ જીવનની ઘટમાળ ફરી શરુ થઈ..

બે એક મહીના પછી જ્યારે બાએ જાણ્યું કે પ્રિયમે ઓપરેશન કરાવી નાખ્યું ત્યારે તે ખુબ જ ગુસ્સે થયા..પ્રિયમ બે જ વાક્ય બોલ્યો..”બા દીકરાની આશમાં મારે ધારાને ખોવી નથી. એ મરતી મરતી બચી છે.”સાત વર્ષમાં પહેલી વખત ધારાને થયું કે પ્રિયમ તેને આટલો બધો ચાહે છે. તે રાત અને તે પછીની રાતોની ઉદાસી દુર થઇ ગયાની કલ્પનાથી મલકતી ધારાને જોઇ બાએ નિઃસાસો નાખ્યો..મુઈ હું જ અભાગણી! એમનો વંશ ગયો..

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# અમેરિકા આવો છો? – અંબુભાઇ દેસાઇ

વ્હાલા સ્વજનો

આખું કુટુંબ અત્રે આવવા અધિકૃત બન્યુ છે તે આનંદનાં સમાચાર સાથે ફોન ઉપર આવકાર બાદ કેટલીક વાતો જે ફોન ઉપર કરી હતી તે અત્રે કાગળ ઉપર મુકું છુ.

1) ભાષા: ( ખુબજ જરુરી)
   - અંગ્રેજીનું જ્ઞાન હોવુ અહીં ખુબ જ જરુરી છે ખાસ કરીને બોલવાનું સાંભળવાનુ અને સમજવાનુ. ઉચ્ચારો વિશે માહિતગાર થવા જ્યારે અનુકૂળ થાય ત્યારે Talkative English movies જોવાં ( તેના દ્રશ્યો પ્રસંગો જોવા કરતા તેના ઉચ્ચારો ઉપર ધ્યાન રખાય તો સારુ, બને તો અમૂક અમૂક સમયે આંખ બંધ કરીને જ જોવા).
   - અંગ્રેજીનું લેખીત જ્ઞાન તેમણે દરેકે અંગ્રેજી પાઠમાળાનાં 1 થી 4 પાઠ વાંચવા અને તે પ્રત્યેક પાઠમાં આપેલ Exercises ની પરેડ, એક અલગ નોટબુકમાં કરતા જવું, ભૂલો સુધારવી અને પ્રેક્ટીસ કર્યા જ કરવી.
   - અંગ્રેજી છાપા અને હળવી નવલકથાઓનું વાંચન પણ સહાયભૂત થશે. અહીં આવ્યા પછી તો સાંભળવાનુ અને વિચારવાનુ પન અંગ્રેજીમાં થવાનુ છે.
2) Driving a car:
   - Driving તો ત્યાંથી દરેકે દરેક 16 વર્ષથી ઉપરનાએ શીખીનેજ આવવાનું છે.. હ ત્યાં લાયસંસનાં પૈસા ખર્ચવાની જરૂર નથી. કારણ અહીં ટેસ્ટ લેવો પડશે. અહીંનાં Driving rulesની પુસ્તિકાઓ પહેલા મોકલી છે જે વાંચવાનુ શરુ કરી દેશો. હા બંને જણ કાર ચલાવતા થાય તે જરૂરી છે.
3) અહીં આવ્યા પછી શરુઆતના કેટલાક સમય માટે:
   - મળે તે કામ ( ગમે ના તેવુ હોય તો પણ) કરવાની તૈયારી રાખવી. મેં આગળ કહ્યું છે તેમ "વિચારો બદલો તો જીવન બદલાઇ જશે" Flaxibility is the cornerstone of progress! progress is impossible without CHANGE! Those who can not change their minds, will never be able to change anything!
   - જેઓએ તમને અહીં બોલાવ્યા છે તેઓ તમને તમારા અનુભવ અભ્યાસ અક્કલ સૂઝ સમજ તથા હોંશિયારી મુજબ જોબ મેળવવા મદદ કરશેજ..પણ જણનારીમાં જોર ના હોય તો દાયણ શું કરે? તે ખાસ સમજવું. તમારી યોગ્યતા, લાયકાત વગેરે આ દેશની જરુરિયાત મુજબ સુધારવા, વધારવાની રહેશેજ.. સારી સ્થિતિએ પહોંચવા યોગ્ય તક્ની રાહ તો જોવીજ પડે તેથી ધીરજ, ખંત અને આત્મ શ્રધ્ધાથી વિકાસ માટે મથવુ.
4) બાળકો માટેની તૈયારીઓ:
   - દરેક બાળકોની રસી લીધી હોવાનં સર્ટીફીકેટ તમારા ડોક્ટર પાસેથી લઇ રાખો.
   - જન્મતારીખનો દાખલો ( અંગ્રેજીમાં સાચા નામ સાથેનો) સાથે રાખવો.
   - છેક પહેલા ધોરણ થી ચાલુ વર્ષ સુધીના પરિણામો ( અસલ અને નકલ એમ બે જુદી ફાઇલો તૈયાર કરવી)
   - અમેરિકન અંગ્રેજી વોકેબ્યુલરીનાં તથા રોજ બ રોજનાં શબ્દોનું વાંચન અને પુંરાવર્તન માતાઓએ બાળકો સાથે કરવુ અને તેમણે પણ કરવુ. ગોખવાનું નહીં ઇઇઇઇઇ ! માત્ર વાંચવાનું, વારંવાર, અપરંપાર!
   - ખુબ જ કાચુ અંગ્રેજી જેમનુ હોય તેમણે અંગ્રેજીનું ટ્યુશન લેવુ પડે તો તે પણ લેવુ.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

- અંગ્રેજીમાં સામાન્ય વાંચી લખી શકે અને સાંભળીને જવાબ આપી શકે તેટલુ શીખવું અંગ્રેજીનો 'હાઉ' રાખવો નકામો છે કહે છે ને "ભાષાને શું વળગે ભૂર? રણ જીતે તે શુર…"એટલે કે ગાડુ ગબડાવતા થવાય તો તે પુરતુ છે તેમાં બહુ મોથ મારવાની નથી પણ ગોથુ નખવાય તેટલી કાળજીય લેવી જરૂર છે.

5) ત્યાંના મકાન અને નોકરી વિશેનાં અધરા નિર્ણયો:

- સારી નોકરીઓ માં છ મહિનાની રજા લઇ ને આવવું. ઘર સારી રીતે બંધ કરી ભરોંસા પાત્ર માણસને સોંપીને આવવું. અહીં બધી સ્થિરતા આવ્યા પછી તેવા નિર્ણયો કરવા. ઘરમાં કોઇ પણ કિંમતી ચીજ વસ્તુઓ રાખવી નહીં શાળાએ જતા બાળકો પોતાનુ ભણતર પતાવે ત્યાં સુધી સુખે કે દુ:ખે અહીં રહેવુ જ છે તેવુ સર્વ ઘરનાં સભ્યોમાં એકમતિ સધાય નહીં ત્યાં સુધી ત્યાંનુ કોઇ રોકાણ સ્થાઇ કે જંગમ તોડવાનો મતલબ તમે તમારી પાછા જવાની શક્યતા ઘટાડો છો.

( આ પત્ર 1994માં આવતા 4 કુટુંબ્નાં 16 સભ્યોને ઉદ્દેશીને લખ્યો હતો આજે તે 16 સભ્યો વત્તા અહીંનાં 4+2 અમે એમ કુલ્લે 22 સભ્યો જે હાલ વધીને 35 થયાછે તે સૌ એક સાથે એક સબ ડીવી આ પત્રોનાં નીતિ નિયમોને અનુસરીને સુંદર ભારતિય પ્રણાલીમાં રહે છે.)

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# જિંદગી પ્રો સુમન અજમેરી

સોનેટ

(હરિગીત છંદ)

શું શું નથી માંગ્યું અમે થઈને વિનીત તારી કને?
પણ હાથતાળી તેં દીધી, નિજ માયાને વિસ્તારીને
ને ઝાંઝવાંનાં જળ સમા રંગે મઢ્યા સ્વપ્નો દીધાં
હાંફી હરણ શા દોડીને ડૂકી ગયા, ફાળો ભરી

આભાસતું જે હસ્તમાં. તે સુખ રહ્યું, દૂર ભાગતું
પણ આશ કેરો તાંતણો ના છોડવાને મન ચાહે
આંખો ઉપર ધરી ડાબલા અકરાળમાં ઘૂમતા રહ્યાં
તન કોડીયે જ્યાં લગ બચ્યું દમ તેલ, ઘાણી-બેલ શા

વીંટળાવી સૂતરગાંઠ થી સંબંધનાં જાળાં રચ્યા
તે તે બધાં અળગાં થયાં, આખર સમે ના સંગ રહ્યાં
ખાલી હથેળી આવીયાં ને જાવું ખાલી હાથ લૈ
ખંખેરી ને માયા તણા રજકણ જે દમબળ ઘેરિયાં

આ દોડને કેવૂં રૂપાળૂં નામ જીવન આપિયું
ખડકાળ ભૂમિ ખોદતાં રે શ્વાસનું ધન વેડફી..

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# વિશ્વગુર્જરી- રસિક મેઘાણી



તું વિશ્વગુર્જરી છે આજ, ગુર્જરીની વાત કર.
નવાયુગોના રંગથી નવી નવી તું ભાત કર.
તું વિશ્વ ગુર્જરી છે આજ..

તું પ્રેમ દીપ બાળવા વદન વદનથી વાત કર.
તું નફરતોને ટાળવા નયન નયનથી વાત કર.
તું કંટકોને વીણવા ચમન ચમનથી વાત કર.
સુગંધને સમેટવા સુમન સુમનથી વાત કર
તું આંધીઓને ખાળવા પવન પવનથી વાત કર
તું પર્વતોને આંબવા ગગન ગગનથી વાત કર.
તું જિંદગી છો એટલે તું જિંદગીની વાત કર.
નવા યુગોનાં રંગથી નવી નવી તું ભાત કર.
તું વિશ્વ ગુર્જરી છે આજે..

અનંત પથ હો છતાં,અભય બની ને ચાલ તું
તિમિરની રાત ભેદવા, જલાવી દે મશાલ તું
અથાક ચાલતો રહી, કદી ન થા નિઢાલ તું
મળે જો વિઘ્ન સંકટો, બધાથી કર વહાલ તું
ધરીને ધૈર્ય ઢાલ, ને કરી જા એ કમાલ તું
જવાબ જેનો પ્રેમ હો, બની જા એ સવાલ તું
તું પ્રેમનો પુજારી થા, ને જિંદગી ની વાત કર
નવા યુગોનાં રંગથી, નવી નવી તુ ભાત કર
તું વિશ્વ ગુર્જરી છે આજ..

તું તારલાનાં તોરણો સજાવી દે હ્રદય સુધી
તું પ્રેમની પરંપરા પ્રજાળી દે હ્રદય સુધી

મથાળું જે છે જિંદગી, પ્રસર ત્યાં વિષય સુધી
તું મનને એવું રાખ કે ન જાય એ પ્રલય સુધી
પછી કદમ હો એકલો, છતાં જશે વિજય સુધી
તું ગુંજતો"રસિક" રહે , દિશા દિશા સમય સુધી
તું મૃત્યુ થી ઉચાટ થા, ને જિંદગીની વાત કર.
નવા યુગોનાં રંગથી નવી નવી તું ભાત કર
તું વિશ્વ ગુર્જરી છે આજ..

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# “ભષ્ટાચાર” - ગીરીશ દેસાઇ

આંખો ફાડી તમે જુઓ જરા, ઓ ભારતના નર ને નાર
રાતદિવસ તમારી ચારેકોરે, ચાલી રહયો છે ભષ્ટાચાર.

લાંચરૂશ્વત ને દાદાગીરીથી, થઇ રહયાં છે લોકો ખુવાર
ગુંડાઓ આ દેશની માહેં, થઇ બેઠા છે ભરથાર.

કાયદા કાનૂન ભંગ કરવામાં,છે શિક્ષિતો પણ હોશિયાર
ઘરનો કચરો રસ્તામાં ફેંકે, ન લાજે,કરે ગંદકી પારાવાર.

ન ભણાવે કશું શિક્ષક શાળામાં, ટયુશનથી કમાયે ભારોભાર
લોભી આ શિક્ષકના શિક્ષણથી, કહો થશે પ્રજા કેવી તૈયાર ?

ભૂલ શોધી બીજાઓની, ટીકા કરવા છે સહુ તૈયાર
પણ હું શું કરૂં તો સુધરે ભાવિ,ન કરે એનો વિચાર.

કદી આવે જો મનની માંહે, ભાવિ તણો કાંઇ વિચાર
તો પણ ન મળે હિંમત હૈયામાં, કરવા તેનો આચાર.

ચાલશે નહીં કશું આપણું, માની સ્વીકારે પોતાની હાર
ને ગુંડાઓથી બચવા, તેમને પહેરાવે ગળામાં હાર.

ભાષણો ખૂબ ખૂબ સાંભળ્યા,કસી કમ્મર થઓ તૈયાર
તો જ ભાઇ થશે ભાવિમાંહે મા ભોમ તણો ઉધ્ધાર.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# હું આદિમાનવ અને મારી પરંપરા – છૂટાછેડા. કિરીટકુમાર ગો ભક્ત

"રૂપને મળી છે સારી રાત,
એનું ટૂંકડું ન હોજો પરભાત,
કોઇ સૂરજને ઓલી કોર રોકી રાખો,
મારી આદરી અધૂરી છે વાત."

મોટે ભાગે અપ્રકૃતિદત્ત છૂટાછેડાની શરુઆત આવી જ કંઇક રીતે થતી હોય છે. પ્રકૃતિમાં છૂટાછેડાની કોઇ વ્યવસ્થા હોય એવું જાણમાં નથી. મારી પરંપરાગત સમાજવ્યવસ્થામાં લગ્નને મેં એક સંસ્કાર કહ્યો છે.પરંતુ,છૂટાછેડા-ડીવૉર્સને એ સંસ્કારનો ભાગ હોવા છતાં એ,સંસ્કાર ગણાયો હોય એવું મેં જોયું નથી.છૂટાછેડા- શબ્દ અને એ આખી વિધીને સંસ્કારથી કંઇ લેવાદેવા હોય એવું જાણમાં આવ્યું નથી.એ લગ્ન કર્યા સિવાય સંભવ નથી એ પણ એટલું જ સત્ય છે. એની આમતો ઘણી સાબિતીઓ છે. જેમકે સગાસબંધીઓ,મિત્રો ભેગા થતાં હોય છે.ગણપતિનું ચિત્ર,કુરાન કે બાઇબલનું સુવાક્ય સાથે કંકોતરી લખીને વાજતેગાજતે લગ્નની જાણ કરાતી હોય છે.વાતાવરણ આખાને આનંદમય બનાવી દેવાતું હોય છે.શાસ્ત્રોક્ત વિધીથી આ સંસ્કારને પુરો કરાય છે.અગ્નિ,ધ્રુવના તારાની કે હજી સુધી પ્રશ્નવિરામ જેવા ભગવાનની સાક્ષીએ એકબીજાનાં સુખદુ:ખના સાથી રહેવાના,વફાદાર રહેવાના વચન સાથે સ્ત્રી અને પુરુષને પતિ અને પત્નીનો દરજ્જો અપાય છે.એમના નામ આગળ પણ શ્રીમાન અને શ્રીમતિની ડીગ્રી અર્પણ કરાય છે.સમૃધ્ધ ભોજન સાથે ઘર,ગામ અને વાહનોને શણગાર કરાય છે. લગ્ન કરનાર પાત્રો સૌથી સુંદર દેખાય તેવાં વસ્ત્રો પરિધાન કરતાં હોય છે.લગ્ન કરનાર પાત્રોના નામ આગળ અચૂક સુપુત્ર, સુપુત્રી, સૌભાગ્યકાંક્ષી કે કાંતાંગૌરી લખવાનો રિવાજ જાણીતો છે.છૂટાછેડામાં આવું નથી બનતું.

છૂટાછેડા લેનારના નામની આગળ કે પાછળ છૂટાછેડાકાંક્ષી, છૂટાછેડાવાંછુ કે એના પર્યાય જેવો કોઇ શબ્દ વપરાયો હોય તેવું જાણવામાં આવ્યું નથી.છૂટાછેડા લેનાર પાત્રો રાવણ, કંસ, શેતાનના ચિત્ર કે બોલી અને સાંભળી શકાય પરંતુ,અહીં લખી ન શકાય તેવા ગંદા શબ્દો,સાથે કાળોત્રી સબંધીઓ કે મિત્રોને મોકલતા નથી.કે ફલાણી તારીખે ને ફલાણા કારણસર અમો છૂટાછેડા લેનાર છીએ.તો,એ પ્રસંગે આપ સહકુટુંબ આવીને અમોને બિરદાવશો.મોટેભાગે આ વાત બંને પક્ષો પોતાની તરફથી વાતને ગુપ્ત રાખવાની કોશિશ કરતો હોય છે.

છૂટાછેડાની આ વિધીમાં મેં વસ્ત્રપરિધાન માટે કોઇપણ જાતનો નિયમ બનાવ્યો નથી. સામાન્ય સંજોગોમાં પ્રથમ દ્રષ્ટિએ પ્રેમ જેવી પરિસ્થિતી નથી હોતી.એ કેંસરની જેમ ધીમેથી પ્રસરતી સ્થિતી કહી શકાય.એના લક્ષણો સાવ સહેલાં છે- સપના નો રાજકુમાર જો કામચોર,માવડિયો,રંડીબાજ અને રુપને મહારાણી જો કુલ્ટા,રાંડ,છપ્પરપગી કે એના સંલગ્ન વિશેષણોથી ઓળખાવા માંડે તો છૂટાછેડાને ઝાઝું દૂર ન કહેવાય.પશ્ચિમના દેશોમાં છૂટાછેડાને સમાજ સહજ ગણે છે.લગ્ન કરતાં છૂટાછેડા કૉર્ટમાં અહીં આર્થિક દ્રષ્ટિએ મોંઘા પડતા હોય છે.પરંતુ,'ઇટસ વર્થ'કહેવાનો ખાનગી રિવાજ છે. સમય જતાં ઘણું ભૂલાતું જાય છે. પ્રકૃતિના નિયમમાંથી જ મારી બુધ્ધિપ્રધાનતા એ મને પ્રકૃતિના સર્વે સર્જનોથી શ્રેષ્ઠ માનવા પ્રેરિત કર્યો.સરહદની ભાવનાએ માલિકીપણા નો (અવ)ગુણ આણ્યો.કૌટુંબિક ભાવનાથી રહેતી સિંહણોનો વડો

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

સિંહને જોઇ મને પણ સ્વામિત્વની ભાવના જાગી.અને,એ રસ્તે આગળ ચાલતાં મેં લગ્નપ્રથા દાખલ કરીને પતિ બન્યો.અને એમાંથી આપોઆપ છૂટાછેડાની પરંપરાનો જન્મ થયો.

પ્રકૃતિ પાસે છૂટાછેડાની પ્રથા નથી.કારણકે લગ્નની પ્રથા નથી. કોઇપણ સિંહે એના જ શ્વાનકુળ ની ગમે તેટલી રુપાળી કે સ્માર્ટ દેખાતી કૂતરી સાથે ફ્લર્ટિંગ કર્યુ હોય તેવી નોંધ ઇતિહાસમાં જોવા મળતી નથી.અને,સામે ગમે તેવી તાલીમ પામેલો હોંશિયાર અને બહાદૂર કૂતરાએ સિંહણને ડેટ માટે આમંત્રિત કરી નથી.મારી સિવાયના બધાં જ સર્જન પ્રકૃતિના નિયમનું પાલન કરે છે. એટલે વર્ણસંકર પ્રજા નથી ઉત્પન્ન થતી.વર્ણસંકર પ્રજોત્પતિ સમાજને લાબાંગાળે હાનિકારક થતી હોય છે તેવું અનુભવે જણાયું છે.જેમકે અમૂક મૂળભૂત સત્યને સાબિતીની જરુરિયાત નથી હોતી.મમ્મી એના સંતાનને કહે કે આ તારા પપ્પા,તો,એ સંતાન કેવી રીતે અને શા માટે? એવું નથી પુછતાં.કાકા,મામા,ફૂઆ માસા ના સબંધનો ખુલાસો જરુરી છે.

સત્ય દેખાતી હકીકતને પણ હું બીજા રસ્તે વર્ણવી શકતો નથી.એ પણ છૂટાછેડા જેવી જ હકીકત છે.મમ્મીને મમ્મી જ કહેવાય.પપ્પાની બાયડી નહી.હકીકતમાં સાચું હોવા છતાં હું એ રીતે બોલી શકતો નથી.પ્રકૃતિના નિયમમાં કોઇપણ પશુપક્ષીઓએ છૂટાછેડા લીધાં એવું બન્યું નથી.છૂટાછેડા લેવા માટે લગ્ન કરવા જરુરી છે.પશુપક્ષીઓ લગ્ન કરતાં નથી.એટલે એમને અલગ થવાની સમસ્યા આવતી નથી.હજીસુધી સિંહણ વિધવા થઇ, એવું બન્યું નથી.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# મુજ સમો દિવાનો નહી મળે -રમઝાન વિરાણી

વળી આપુ છું એક મોકો,કે સંગી થઇ જાઓ મારા,
ચૂકી જાશો તો તમને સાથ કોઈ બીજાનો નહિ મળે;

મળી રહેશે તમને, બે પળ સાથે ચાલનારાઓ,
પણ જીવનસાથી મુજ સમો કોઇ સદાનો નહિ મળે;

આ શ્વાસ ને ધડકતું દિલ ગાશે ગાન મિલનના,
કદી પૈગામ તમને મુજ થી અલવિદાનો નહિ મળે;

ના વલખાં મારો આમતેમ કોઇ કુબેરની શોધમાં,
કે મારા પ્રેમથી વધીને કોઇ ખજાનો નહી મળે

ના રોવું પડે કદી તમને ધોળાયેલ દૂધની પાછળ,
મને ખોઇને કિનારો કોઇ વ્યથાનો નહિ મળે;

હર દિવસ કપાશે ચેનમાં રહેતાં મારી સંગાથ,
એકલા ચાલતાં અંત જીવનની નિશા નો નહિ મળે;

શાને બંધ આંખે હંકારો તમે નૈયાને મઝધારે,
આ સુકાની વગર તમને તાગ દિશાનો નહિ મળે;

ના ઉડોઆસમાને, કે ઊંચાઈ છે એની બહુ છલનારી;
ને પછડાશો વળી તો સાથ આ ધરાનો નહિ મળે;

જીવનભર કરતો રહીશ હું ઇબાદત તમ માટે,
ભલેને આસરો મને તમારી દુઆનો નહિ મળે;

કે છું તમ પ્રેમમાં, તો મુજ સમો દિવાનો નહિ મળે,
ને જો વિફરૂં તો , મુજ જેવો દુશ્મન દાનો નહિ મળે;

પૂછતો રહીશ હું આમ તમને, બેવફા, જીવન આખું,
ખબર છે જોકે આમ કે જવાબ 'હા' નો નહિ મળે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.